# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Thursday** **National News**

**આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

**************************************************

✓ લોકસભાની પહેલી જૂને યોજાનારી સાતમા અને આખરી તબક્કાની ચૂંટણી માટેના જાહેર પ્રચાર પડઘમ આજે શાંત થયા છે.

✓ કેન્દ્રીય ચૂંટણીપંચે મતદાનની ટકાવારીમાં વધારો થયો હોવાની અફવાઓને ભારપૂર્વક રદિયો આપ્યો છે.

✓ આઇઆઇટી મદ્રાસના અગ્નિકુલ કોસ્મોસ સ્ટાર્ટઅપે ત્રિ- પરિમાણીય પ્રિન્ટેડ એન્જીન સાથેના આ દેશના પહેલા રોકેટનું આજે સફળ પરીક્ષણ- પ્રક્ષેપણ કર્યું..

✓ જમ્મુ જીલ્લાના અખનૂરમાં તીર્થયાત્રિકોની બસ ઉંડી ખીણમાં ખાબકતાં 20 યાત્રિકોના મોત થયા છે અને 15થી વધુ ઘાયલ થયા.

✓ હવામાન વિભાગે જણાવ્યું છે કે, કેરળમાં નિર્ધારિત સમય કરતા એક દિવસ વહેલા નૈઋત્ય ચોમાસાનો આજથી આરંભ થયો.

✓ ભારતના સચિન સિવાચે થાઇલેન્ડના બેંગકોકમાં યોજાઇ રહેલ વિશ્વ બોક્સિંગ ક્વોલિફિકેશન સ્પર્ધાના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો..

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION- 7TH PHASE

લોકસભાની શનિવાર પહેલી જૂને યોજાનારી સાતમા અને આખરી તબક્કાની ચૂંટણીમાં 57 બેઠકો માટે મતદાન થશે અને આ બેઠકો માટેના જાહેર પ્રચારની અવધિ પૂરી થઇ છે.

સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 57 બેઠકો માટે પહેલી જૂને મતદાન થશે, જેમાં ઉત્તરપ્રદેશ અને પંજાબની 13-13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલપ્રદેશની 4, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢની એક બેઠકનો સમાવેશ થાય છે. લોકસભાની 57 બેઠકો માટે 904 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. આ  ઉપરાંત ઓડિશા વિધાનસભાની ચૂંટણી માટે પણ પહેલી જૂને મતદાન થશે. લોકસભાની બધી જ બેઠકોની મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે...

# ELECTION- CAMPAIGN

લોકસભાની છેલ્લા અને સાતમા તબક્કાની ચૂંટણી માટેના જાહેર પ્રચારના આજના છેલ્લા દિવસે વિવિધ રાજકીય પક્ષોના અગ્રણીઓએ મતદારોને રિઝવવા એડીચોટીનું જોર લગાવ્યું છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પંજાબના હોશિયારપુર જીલ્લામાં ચૂંટણી રેલીમાં કોંગ્રેસની નિતીઓની ટીકા કરતાં આક્ષેપ કર્યો છે કે, કોંગ્રેસ નાગરિકતા સુધારા ધારો- સીએએનો વિરોધ કરે છે. પ્રધાનમંત્રીએ દલિત અને ઓબીસી વર્ગ માટેની અનામત છીનવવાની કોઇને પણ મંજૂરી નહીં આપવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો છે..

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે ઉત્તરપ્રદેશના કૂશીનગર, રોબર્ટગંજ અને ચંદૌલી મતવિસ્તારોમાં જ્યારે સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે મહારાજગંજ અને ઘોષી મતવિસ્તારોમાં ચૂંટણીપ્રચાર કર્યો છે.

પ્રદેશ ભાજપના વડા બાબુલાલ મંરાડીએ રાજ્યના સર્વાંગી વિકાસ માટે ભાજપને મત આપવા અપીલ કરી હતી જ્યારે ઝારખંડ મુક્તિ મોરચાના અગ્રણી કલ્પના સોરેને દુમકા અને સાહેબગંજ ખાતે ચૂંટણીસભામાં ભાજપ વિકાસના નામે ગેરમાર્ગે દોરતો હોવાનો આક્ષેપ કર્યો હતો.

હિમાચલપ્રદેશમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભાજપના ઉમેદવારના સમર્થનમાં કુલુ અને હમીરપુર ખાતે ચૂંટણી સભા સંબોધી હતી.

કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધીએ સોલાનમાં રોડ-શો યોજીને ચૂંટણી પ્રચાર કર્યો હતો.

# CEC-VOTING RUMOURS

કેન્દ્રીય ચૂંટણીપંચે મતદાનની ટકાવારીમાં વધારો થયો હોવાની અફવાઓને ભારપૂર્વક રદિયો આપ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે જણાવ્યું છે કે, મતદાનનો રેકોર્ડ ધરાવતી ફોર્મ 17-સી ની કોપી ઉમેદવારો અને એજન્ટોને આપવામાં આવતી હોવાથી મતદાનની ટકાવારીમાં વધારો કરવો શક્ય નથી. તેમણે વધુમાં કહ્યું કે, મતદાનની અને ઇવીએમની માહિતી ચૂંટણી પંચે સત્તાવાર વેબસાઇટ ઉપર મૂકી છે.

# RBI-ANNUAL REPORT-GDP GROWTH

ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાંકીય વર્ષમાં દેશના જીડીપીનો વિકાસદર 7 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. પોતાના વાર્ષિક અહેવાલમાં રિઝર્વ બેંકે જણાવ્યું છે કે, વર્ષ 2024માં ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકાસ પામ્યું છે અને અગાઉના વર્ષની સરખામણીએ જીડીપીનો વિકાસદર વધીને 7.6 ટકા થયો છે.

અહેવાલમાં જણાવ્યું છે કે, બૃહદ આર્થિક ફંડામેન્ટલ્સ મજબૂત બન્યા છે તેમજ કોર્પોરેટ સેક્ટરની કામગીરી મજબૂત બની હોવાથી ભારતીય અર્થતંત્રનું ભાવિ ઉજ્જવળ છે.. ઉલ્લેખનીય છે કે, ગત 22મી મેના રોજ રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ વર્ષ 2023-24 માટે 2.11 લાખ કરોડ રૂપિયા સરકારને આપવાની મંજૂરી આપી હતી...

# AGNI--3D-PRINTED-ENGINE

આઇઆઇટી મદ્રાસના અગ્નિકુલ કોસ્મોસ સ્ટાર્ટઅપે ત્રિ પરિમાણીય પ્રિન્ટેડ એન્જીન સાથેના આ દેશના પહેલા રોકેટનું આજે સફળ પરીક્ષણ- પ્રક્ષેપણ કરાયું છે.  અગ્નિબાણ નામનું આ રોકેટ ભારતમાં ડિઝાઇન કરીને સ્વદેશી ટેક્નોલોજી વડે અને સેમીક્રાયોજેનિક એન્જીન ધરાવતું પહેલુ રોકેટ છે.

અગ્નિકુલ દ્વારા આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે ખાનગી ધોરણે તૈયાર કરાયેલ ધનુષ નામના રોકેટ પ્રક્ષેપણ કેન્દ્ર પરથી અગ્નિબાણને આજે સવારે સવા સાત વાગ્યે સફળ પરીક્ષણ- પ્રક્ષેપણ કરાયું છે. આ પરીક્ષણ પ્રક્ષેપણનો ઉદ્દેશ્ય સ્વદેશી ટેક્નોલોજીનું નિદર્શન કરવું, મહત્વનો

પ્રક્ષેપણ ડેટા મેળવવો અને અગ્નિબાણ પ્રણાલીનું પરીક્ષણ કરવાનો હતો. અગ્નિબાણના સફળ પરીક્ષણ પછી ઇસરોના અધ્યક્ષ એસ. સોમનાથે કહ્યું કે, અગ્નિકુલની આ સફળતા દેશમાં નવકલ્પનાની મદદથી કાર્યક્ષમ અવકાશ વ્યવસ્થા તૈયાર કરવામાં અને દેશને આ ક્ષેત્રે વધુ આત્મનિર્ભર બનાવવામાં પ્રેરણારૂપ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મિડીયામાં અગ્નિકુલ કોસ્મોસે મેળવેલી સફળતા માટે અભિનંદન આપતા જણાવ્યું છે કે, દેશની યુવાશક્તિ દ્વારા તૈયાર કરાયેલ અગ્નિબાણ રોકેટ એ ભારતની અવકાશ ક્ષેત્રમાં ખૂબ જ મહત્વની ઉપલબ્ધિ ગણાવી શકાય...

અગ્નિબાણ બે તબક્કાવાળું રોકેટ છે અને તે ત્રણસો કિલો વજનને અવકાશમાં 700 કિલોમીટર ઉંચાઇ સુધી લઇ જવાની ક્ષમતા ધરાવે છે.

# REV. J&K: ACCIDENT

જમ્મુ- કાશ્મીરમાં આજે બપોરે જમ્મુ જીલ્લાના અખનૂરમાં તૂંગી મોર્હ વિસ્તારમાં તીર્થયાત્રિકોને લઇ જતી બસ ઉંડી ખીણમાં ખાબકતાં 20 યાત્રિકોના મોત થયા છે અને અન્ય 15થી વધુ ઘાયલ થયા છે.

અમારા આકાશવાણી જમ્મુના સંવાદદાતા અહેવાલ આપતાં જણાવે છે કે, અતિગંભીર ઘાયલોને જમ્મુની સરકારી મેડીકલ કોલેજમાં જ્યારે સામાન્ય ઘાયલ તમામને અખનૂરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. મૃતકો અને ઘાયલોની ઓળખ કરવામાં આવી રહી છે. બસ જમ્મુથી રિયાસી જીલ્લાના શિવખોરી ગુફા તરફ જઇ રહી હતી. બસમાં મોટાભાગે ઉત્તરપ્રદેશના તીર્થયાત્રિકો હતા...

# MONSOON KERALA

હવામાન વિભાગે જણાવ્યું છે કે, કેરળમાં નિર્ધારિત સમય કરતા એક દિવસ વહેલા નૈઋત્ય ચોમાસાનો આજથી આરંભ થયો છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસા પૂર્વેની પ્રક્રિયાના ભાગરૂપે છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમાં ભારે વરસાદ થયો છે. કેરળના અલપુઝ્ઝા, કોટ્ટાયમ અને એર્નાકુલમ જીલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જ્યારે બાકીના જીલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરાયું છે અને ભારે વરસાદને પગલે તિરૂઅનંતપુરમ અને એર્નાકુલમ જીલ્લાઓમાં ઘણી જગ્યાએ પાણી ભરાયાના અહેવાલ છે. સંબંધિત વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકો માટે રાહત શિબિરો શરૂ કરાયા છે. કેરળની પર્વતીય વિસ્તારોમાં વરસાદના લીધે ભેખડો ધસી પડવાની સંભાવના હોવાથી સત્તાવાળાઓએ સંબંધિત વિસ્તારના લોકોને સતર્ક રહેવાની સૂચના આપી છે.

એવી જ રીતે દરિયો તોફાની બન્યો હોવાથી કેરળ અને લક્ષદ્વીપના માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઇ છે,.

# BOXING--OLYMPIC-QUALIFICATION

ભારતના સચિન સિવાચે થાઇલેન્ડના બેંગકોકમાં યોજાઇ રહેલ વિશ્વ બોક્સિંગ ક્વોલિફિકેશન સ્પર્ધાના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.. સ્પર્ધાની પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચમાં સચિને તુર્કીના બટુહાન સિફ્ટસીને પરાજય આપ્યો હતો. પેરિસમાં યોજાનારી ઓલ્મિપિક સ્પર્ધામાં સ્થાન મેળવવા સચિન સિવાચને હજુ બે વિજય મેળવવાની જરૂર છે.

# SQUASH--QUARTERS

ભારતની રતિકા સીલને હોંગકોંગમાં યોજાઇ રહેલ પીએસએ ચેલેન્જ કપ સ્ક્વેશ સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. છઠ્ઠો ક્રમાંક ધરાવતી ભારતની રતિકાએ પ્રી- ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગની કા હ્યુઅન લેઉંગને 3-2થી પરાજય આપીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ક્વાર્ટર ફાઇનલમાં રતિકા અને ત્રીજો ક્રમાંક ધરાવતી સહવીત્રા કુમાર વચ્ચે મુકાબલો થશે.

# NORWAY CHESS

ભારતના ચેસ ખેલાડી પ્રજ્ઞાનંદાએ ક્લાસિકલ ઇવેન્ટમાં પહેલીવાર નોર્વેના અને વિશ્વમાં પ્રથમ ક્રમાંક ધરાવતા મેગ્નસ કાર્લસનને હરાવ્યા છે. 18 વર્ષીય ભારતીય ખેલાડીએ નોર્વે ચેસ સ્પર્ધાના ત્રીજા રાઉન્ડમાં કાર્લસનને પરાજય આપ્યો હતો. પ્રજ્ઞાનંદાએ રમતની શરૂઆતમાં જ લીડ મેળવી હતી.. આ જીત સાથે તેઓ સ્પર્ધામાં સાડા પાંચ અંકો સાથે આગળ છે.

# SISODIA--CUSTODY

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી છઠ્ઠી જુલાઇ સુધી લંબાવી છે. અદાલતે દિલ્હી શરાબ નીતિ કૌભાંડ મામલે સીબીઆઇ દ્વારા દાખલ કરાયેલા કેસમાં સિસોદિયા અને અન્ય આરોપીઓના રિમાન્ડ લંબાવ્યા છે. આમ આદમી પક્ષના નેતા પણ સંબંધિત મની લોન્ડરીંગ કેસમાં રિમાન્ડ પર છે.

દરમિયાન, દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પક્ષના કન્વીનર અરવિંદ કેજરીવાલે આજે એક્સાઇઝ મની લોન્ડરીંગ કેસમાં નિયમિત જામીન મેળવવા માટે રાઉઝ એવન્યુ કોર્ટમાં અરજી કરી હતી.

# ISRAEL – GAZA

ઇઝરાયલના સંરક્ષણ દળોએ ગાઝા-ઇજિપ્ત સરહદ પરના ફિલાડેલ્ફી તરીકે ઓળખાતા વિસ્તાર ઉપર કબજો મેળવ્યો છે. ઇઝરાયલના સંરક્ષણ દળોના પ્રવક્તાએ આ માહિતી આપી હતી. 14 કિલોમીટર લાંબા આ વિસ્તારનો ઉપયોગ હથિયારોની દાણચોરી માટે થતો હોવાનું માનવામાં આવે છે. સરહદ પર અનેક રોકેટ લોન્ચર પણ મળી આવ્યા હતા.

સંરક્ષણ દળોએ 20 ટનલ શોધી છે, જેનો ઉપયોગ સીમા પાર દાણચોરી માટે થતો હતો. આમાંથી, કેટલીક ઇઝરાયેલ આર્મી માટે જાણીતી હતી પરંતુ અન્ય પ્રથમ વખત શોધવામાં આવી હોવાનું પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું હતું. તેમણે હમાસના આતંકવાદીઓએ ઇજિપ્તની સરહદની નજીક રોકેટ લોન્ચર મૂક્યા હોવાનું પણ જણાવ્યું હતું.

# HINDI JOURNALISM DAY

આજે હિન્દી પત્રકારિતા દિવસ ઉજવાઇ રહ્યો છે. 30મી મે 1826ના રોજ પંડિત જુગલ કિશોર શુક્લ દ્વારા શરૂ કરાયેલ પ્રથમ હિન્દી સમાચારપત્ર "ઉદંત માર્તંડ" ના પ્રકાશન સાથે તેની શરૂઆત થઈ હતી.

હિન્દી પત્રકારત્વની આ સફર સત્ય અને હિંમતથી જન કલ્યાણ હેતુ માટે કામ કરતા હિન્દી પત્રકારોના વિશેષ યોગદાનને

સમર્પિત છે. ઉદંત માર્તંડનું હિન્દી પ્રકાશન ભારતીય પત્રકારત્વના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ હતું. તેનાથી પત્રકારત્વ વિશે જનજાગૃતિમાં વધારો થયો હતો અને નાગરિકોને સાચી માહિતી પૂરી પાડવામાં હિન્દી અખબારોનું મહત્વ વધ્યું હતું.